ગાંધીનગર સમાચાર


# મોડાસાની મ.લા. ગાંધી કૉલેજ ખાતે યુવા પરિસંવાદ યોજાયો

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના પર યુવાનોને માર્ગદર્શિકા કરાર





મોડાસા, તા. ૫

પ્રેસ અકાદમી ગાંધીનગર અને સંયુકત માહિતી નિયામક, અમદાવાદ તથા જિલ્લા માહિતી કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે મોડાસાની મ.લા ગાંધી આટર્સ કોલેજ ખાતે યુવા પરીસંવાદ યોજાયો હતો.

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ પૈકી જરૂીયાત મંદ વિધાર્થીઓ માટે આશિર્વાદ સમાન મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના વિષય પર વિધાર્થીઓને માર્ગદર્શન આપતા શ્રી દેશમુખે જણાવ્યું હતું કે, રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન આપતીઅને ગરીબ, મધ્યમ વર્ગના પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરની સમાન તક મળી રહે તે આશય જનકલ્યાણની અભૂતપૂર્વ યોજના રાજય સરકાર ધ્વારા અમલી બનાવવામાં આવી છે. રાજયમાં મેડીકલ શિક્ષણ વિષેની વાત કરતા આચાર્ય શ્રી દિપકભાઇ જોષીએ જણાવ્યું હતુંકે, એમ.બી.બી.એસ.માં તથા ડેન્ટલ કોલેજમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરતા અને રૂા. ૪.૫૦ લાખ કરતાં ઓછી કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓ માટે ધોરણ૧૨માં બોર્ડની પરીક્ષામાં ૯૦ પર્સેન્ટાઇલ એટલે કે પ્રથમ ૧૦ ટકામાં આવતા તમામ વિદ્યાર્થીઓ માટે કોર્ષની અવધિ દરમિયાન સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તથા ગુજરાત મેડીકલ એજયુકેશન રીસર્ચ સોસાયટી (GMERS) કોલેજમાં ફીની ૫૦ ટકા સહાય રૂ.૨ લાખની મર્યાદામાં દર વર્ષે આપવામાં આવશે. આમ, પાંચ વર્ષના મેડીકલ કોલેજના અભ્યાસ દરમ્યાન વિદ્યાર્થીને રાજય સરકાર તરફથી રૂ. ૧૦ લાખ સુધીની ફી સહાય આપવામાં આવશે.

મેડીકલ, ડેન્ટલ, એન્જીનીયરીંગની ઉચ્ચ શિક્ષણ આપતી સરકારી કોલેજોમાં અનામત વર્ગના વિદ્યાર્થીઓ ઓપન મેરીટમાં આવવાને કારણે ઓપન મેરીટની જેટલી સીટો ઓછી થાય અને તેમાં પ્રવેશ મેળવવાપાત્ર બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઇનાન્સ ઇન્સ્ટીટયુટમાં જવું પડે છે તેઓને એસએફઆઇ અને સરકારી કોલેજની ફીની તફાવતની રકમ રાજય સરકાર આપશે. આ લાભ GMERS અથવા રાજયની માન્યતા પ્રાપ્ત કોલેજમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને લાગુ પડશે. એમ વિશેષ માર્ગદર્શિત કરાયા હતા.

પરીસંવાદમાં જિલ્લા માહિતી અધિકારી શ્રી કનુભાઇ એસ. પરમાર તથા આર.એસ.પટેલ, માહિતી મદદનીશ શ્રી હરીશ પરમાર કોલેજના સ્ટાફ સહિત વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# 'જમીનનું ધોવાણ ને દુષ્કાળનો સામનો' વિષયે મેઘરજમાં શિબિર યોજાઈ

મેઘરજ, તા. ૫

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા મથકે ભારત સરકારના વન પર્યાવરણ વિભાગ દ્વારા વિકસત ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા મંજૂર થયેલ શિબિર શ્રીજી બાપા ટ્રસ્ટ મેઘરજના સહયોગથી જમીનનું ધોવાણ અને દુષ્કાળનો સામનો આ વિષયે શિબિરનું દીપ પ્રગટાવીને સમારંભના વકર્તા પરિવર્તન ટ્રસ્ટ મેઘરજના સંચાલક શ્રી જગદીશભાઈ પંડ્યા તથા હરિજન કલ્યાણ ટ્રસ્ટના છગનભાઈ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ શ્રીજી બાપા ટ્રસ્ટના સંચાલક મહેશભાઈ પટેલ દ્વારા સૌનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગીક પ્રવચનમાં મેઘરજ તાલુકો પછાત છે. જમીન ઢોળાવવાળી છે. ખેતીના સાધનો જૂની પદ્ધતિના છે. વરસાદ આવે ત્યારે ટેકરી ઉપરથી પાણી છાણીયું ખાતર-દવા ડીએપી-યુરીયા ખાતર ધોવાઈ જતાં હોવાથી પાક ખુબ જ ઓછો થાય છે, તે વિષે વિગતવાર સમજણ આપી હતી. જ્યારે પરિવર્તન ટ્રસ્ટના સંચાલક જગદીશભાઈ પંડ્યાએ ગ્રામીણ વિસ્તારમાં ધોવાણ અટકાવવા વિવિધ પ્રકારની યોજનાઓ અને વધારે પાક લેવા જમીન ધોવાય નહિ અને પાણીનો સંગ્રહ થાય તે માટે વિગતવાર ચર્ચા કરી હતી. ગ્રામિણ મહિલાઓ માટે દરેકના ઘરે શૌચાલય બને તે ખાસ જરૂરી છે. નશાબંધી હોવી જોઈએ આ અંગે ભાર મુક્યો હતો. આભારવિધિ નિલમબેને કરી હતી.

# જમીનની તકરારમાં ફાટા તળાવના દંપતિને માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૫

વિજયનગર તાલુકાના ફાટા તળાવના પતિ-પત્નિને ગામના જ બે સગા ભાઈઓ અને ભાંભુડીના ઈસમે જમીનની તકરાર બાબતે કુહાડીની ઉંધી મુદર મારી ગડદાપાટુનો માર માર્યો હતો. જે અંગે ત્રણેય ઈસમો વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તાલુકાના ફાટા તળાવ ગામે સોમવારે રાત્રે સુરેશભાઈ કાળુભાઈ મહીડા સાથે ગામના સંગાથ ઈશ્વરભાઈ ચંદુભાઈ તથા તેનો ભાઈ સુરેશ અને ભાંભુડી ગામના ભગોરા મંગળાજી હીમજીએ જમીન બાબતે તકરાર કરી હતી. જેમાં અપશબ્દો બોલતા ઈશ્વરભાઈને સુરેશભાઈએ અપશબ્દો બોલવાની ના પાડતા સુરેશભાઈને ઈશ્વરભાઈએ કુહાડીની ઉંધી મુદર મારી હતી. જેને છોડાવવા માટે સુરેશભાઈના પત્નિ નિશાબેન વચ્ચે પડતા મંગળાજી હીમજી ભગોરા અને સુરેશ ચંદુભાઈ સંગાથે ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. જે અંગે ઈશ્વરભાઈ ચંદુભાઈ સંગાથ તેના ભાઈ સુરેશ અને મંગળાજી ભગોરા વિરૂદ્ધ સુરેશભાઈ મહીડાએ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પાલનપુરના શ્રી ચામુંડા કૃપા ઉમીયાનગર સોસાયટી પરિવાર દ્વારા

# શ્રી શિવ પરિવાર તથા અંબાજી માતાના ત્રિદિવસીય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

## યજ્ઞ, શોભાયાત્રા સાથે લોકડાયરો અને રાસ-ગરબાનું આયોજન

પાલનપુર, તા. ૫

પાલનપુરના માધુપુરા રોડ ઉપર આવેલા શ્રી માચુંડા કૃપા સોસાયટી તથા ઉમીયાનગર સોસાયટી પરિવાર દ્વારા શિવપરીવાર તથા આદ્યશક્તિ મા અંબાજી માતાનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. મહોત્સવના અંતિમ ચરણમાં તા. ૭-૩-૨૦૧૬ મહાશિવરાત્રીના પર્વએ વિજય મુહુર્તમાં શ્રી શિવપરીવાર અને આદ્યશક્તિ અંબાજી માતાની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે.

રવિવાર તા. ૬-૩-૨૦૧૬ના રોજ પ્રાતઃ પુજન બાદ ભવ્ય જલયાત્રા, શોભાયાત્રા નિકળશે. જ્યારે ત્રીજા દિવસે મહાશિવરાત્રી પર્વએ વિજય મુહૂર્તમાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે શ્રી શિવ પરિવાર તથા આદ્યશક્તિ મા અંબાજીની પ્રાણ-પ્રતિષ્ઠા કરાશે. આ ત્રિદિવસીય પાવન પ્રસંગે ભોજન પ્રસાદનો લાભ સ્વ. શ્રી ઘેમરજી રાજપૂત અને ગં.સ્વ. શ્રી મેતુબેન ઘેમરજી રાજપૂત પરિવારે લીધો છે. આ ત્રિદિવસીય પર્વએ પ્રથમ દિવસે રાત્રે લોકગાયક મોહનભાઈ બારોટ, વિનોદભાઈ બારોટ, શાંતિલાલ પંડ્યા, ઉમાશંકર જોષી દ્વારા લોકડાયરાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. જ્યારે રવિવારની રાત્રે ટહુકાર બિટ્સ યોગેશ પુરબીયા અને ટીમ દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાશે. આ પાવન પ્રસંગે પ.પૂ. શ્રી ચંદનગીરીજી મહારાજ (મકાવલ-રાજસ્થાન), પ.પૂ. શ્રી મુનીજી મહારાજ (કેદારનાથ), પ.પૂ. શ્રી હરદેવપુરીજી મહારાજ (જશપુરીયા), પ.પૂ. શ્રી દયાલપુરીજી મહારાજ (હાથીદરા), પ.પૂ. શ્રી મુનીજી મહારાજ (બજરંગગઢ ગોળા), પ.પૂ. શ્રી ભોળાગીરીજી મહારાજ (બ્રહ્મપુરી આશ્રમ, પાલનપુર), પ.પૂ. સ્વામી આનંદ રાજેન્દ્ર (આનંદધામ), પ.પૂ. શ્રી ચીનુભારથી મહારાજ (ઉકરડા), પ.પૂ. દોલતપુરીજી મહારાજ (રૂપપુરા), રાજયોગીની બ્ર.કુ. ભારતીબેન (પાલનપુર) સહિત સંતો, મહંતો તેમજ રાજયના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, ધારાસભ્ભ્યો શ્રી કેશાજી ચૌહાણ, બળવંતસિંહ રાજપૂત, મહેશભાઈ પટેલ, જી.પં. પ્રમુખ દિનેશભાઈ દવે, ન.પા. પ્રમુખ નીલમબેન જાની, બનાસડેરીના વા. ચેરમેન માવજીભાઈ દેસાઈ, બાપુ કન્સ્ટ્રકશનના પ્રકાશસિંહ પરમાર સહિતના મહાનુભાવો આગેવાનો ઉપસ્થિત રહી શોભા વધારશે.

આ પાવન પર્વને સફળ બનાવવા શ્રી ચામુંડા કૃપા, ઉમિયાનગર સોસાયટી પરીવારના અગ્રણીઓ, સ્વંયસેવક ભાઈ-બહેનો દ્વારા સુંદર આયોજન કરાયું છે.

# મોડાસા પોલીસ જીપને નિલ ગાયે અડફેટે લેતાં પીએસઆઈ અને ડ્રાઈવરને ઈજા

## ફેક્ચર થતાં તાત્કાલિક ઓપરેશન હાથ ધરાયું પોલીસબેડામાં ચિંતાની લાગણી ફરી વળી

મોડાસા, તા. ૫

મોડાસા-શામળાજી માર્ગ પર ગાજણ ટોલનાકા નજીક મોડાસા રૂરલ પોલીસની જીપને અકસ્માત નડ્યો હતો. નીલગાયને બચાવવા જતાં જીપ ૩ ગુલાંટ ખાઈ જતાં અંદર સવાર પીએસઆઈ આર.ડી. સગર ગંભીર ઈજા પહોંચી હતી. જેમને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. જ્યારે ડ્રાઈવરને હળવી ઈજા થતાં પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ હતી. આ ઘટનાથી પોલીસબેડામાં ચિંતાની લાગણી ફરી વળી હતી.

મોડાસા-શામળાજી હાઈવે પર ગાજણ ટોલનાકા પાસે મોડાસા રૂરલ પોલીસ જીપ પલટી ખાઈ ગઈ હતી. જસલાના મુખ્ય માર્ગો ઉપર સક્રિય બનેલી લુટારૂ ટોળકીને જબ્બે કરવા છેલ્લા કેટલાક દિવસોથી રૂરલ પોલીસે વ્યાપક પેટ્રોલીંગ હાથ ધર્યુ છે. જે અંતર્ગત મોડાસા રૂરલ પોલીસની ટીમ બુધવારે મોડી રાત્રે શામળાજીથી મોડાસા તરફ આવી રહી હતી, ત્યારે ગાજણ ટોલનાકા નજીક અચાનક રોડ પરથી નીકળેલી નીલગાય પોલીસ જીપ સાથે અથડાતા ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા જીપ ત્રણ ગુલાંટ ખાઈને રોડ સાઈડની ખાઈમાં ખાબકી હતી.

આ અકસ્માતમાં જીપમાં સવાર પીએસઆઈ આર.ડી. સગરને પીઠ અને કમરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી મોડાસાની મેવાડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયેલા પોસઈ સગરને મણકાના ભાગે ફેક્ચર થતાં તાત્કાલિક ઓપરેશન હાથ ધરાયું હતું. જ્યારે પોલીસ જીપના ચાલકને વત્તી ઓછી ઈજા પહોંચતા જરૂરી સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ હતી.

# સીતવાડા ગામે વ્યસનમુક્તિ રેલી યોજાઈ



પ્રાંતિજ તાલુકાના સીતવાડા ગામ પંચાયતના સરપંચ તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વ્યસનમુક્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શનિવારના રોજ સીતવાળા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બેનરો સાથે રેલી યોજી હતી. જેમાં ગામમાં વ્યસનમુક્તિ, દારૂ છોડો, નશો હટાવો, શિક્ષણ સુધારો - મેળવો આનંદ, જીવનનો નશાને છોડો, ઘરને જોડો, સૌનો સાથ નશાનો નાશ જેવા બેનરો સાથે રેલી યોજી લોકો સુધી સંદેશો પહોંચાડ્યો હતો. આ પ્રસંગે સીતવાડા ગામ પંચાયતના સરપંચ, તેમજ ભરતસિંહ મકવાણા સહીત ગામના આગેવાનો રેલીમાં જોડાયા હતા.

# ...અને અચાનક જ ટીખળખોર કોલેજીયનોએ જી.ડી. મોદી કોલેજ કેમ્પસમાં આચાર્યને લાફો ચોડ્યો

## ૫૦૦૦ રોકડ, સોનાની ચેન લુંટાયાની લેખિત પોલીસ ફરિયાદ

પાલનપુર, તા. ૫

પાલનપુરની જાણીતી જી. ડી. મોદી કોલેજ કેમ્પસમાં આવેલ જુદી જુદી કોલેજોમાં ડીગ્રી-ફેકલ્ટીના વિભાગોની કોલેજો કાર્યરત છે. તેમાં આજે એક એક વિદ્યાજગત માટે શરમજનક કલંકરૂપ બનાવ બનવા પામ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સમગ્ર બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતોનુસાર પાલનપુર હાઈવે નજીક આવેલી જી.ડી. મોદી વિદ્યાસંકુલમાં ગઈકાલે બપોરના સુમારે સાયન્સ કોલેજના બિલ્ડીંગ નજીક યુનિફોર્મ વગરના ત્રણેક યુવકો ઉભા ઉભા અટકચાળો કરતા હોઈ તેમની નજીક જઈને કોલેજના આચાર્ય ડબગરે આ લોકોની નજીક જઈને જોતા સાયન્સ કોલેજ પાસે વિદ્યાર્થીનીઓ બેઠેલી હતી. તેની સામે જોઈ ચેનચાળા કરતા આ ત્રણ યુવકો જોડે કોલેજનું આઈકાર્ડ માંગતા અને ચેનચાળા ના કરવા ઠપકો આપતા ત્રણેય યુવકો ઉશ્કેરાઈ ગયેલ અને અચાનક જ એક યુવકે પ્રિન્સીપાલ વાય.બી. ડબગર આવેશમાં લાફો ચોડ્યો હતો. આ બનાવમાં આચાર્યએ પોલીસ ફરીયાદ કરતા તેમણે જણાવ્યું હતું કે આ ઝપાઝપીમાં રૂ. ૫ હજાર રોકડ, સોનાની ચેન લુંટાઈ ગઈ હતી.

# મોડાસાની સ્કૂલમાં ટાકાટૂકા ગામની વિદ્યાર્થીની ઢળી પડતાં મોત

મોડાસા, તા. ૫



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિક નગર તરીકે ખૂબજ જાણીતુ છે. મોડાસા-હિંમતનગર રાજય ધોરીમાર્ગ પર આવેલી બી-કનઈ (કેન્દ્રીય વિદ્યાલય, અંગ્રેજી માધ્યમ)માં ભિલોડા તાલુકાની ટાકાટુકા ગામની ધોરણ-૩માં અભ્યાસ કરતી ૮ વર્ષીય વિદ્યાર્થીનીનુ ચાલુ ક્લાસે અચાનક ઢળી પડતા તાબડતોડ પ્રિન્સિપાલ દ્વારા મોડાસાની ખાનગી હોસ્પિટલ ખસેડાઈ હતી. પરંતુ સારવાર મળે તે પહેલાં જ વિદ્યાર્થીનું મોત નિપજતા તબીબે વિદ્યાર્થીને મૃત જાહેર કરતા તેના પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકાની ટાકાટુકા ગામની ગૌરીશાબા રાઠોડ જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં આવેલી બી-કનઈ સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. જે શનિવારે રાબેતા મુજબ શાળામાં અભ્યાસ અર્થે ગઈ હતી પરંતુ સવારે ૧૦.૩૦ વાગ્યાના સુમારે ગૌરીશાબા ચાલુ ક્લાસે અચાનક ચક્કર આવતા બેઠક પર ઢળી પડતા જેની જાણ તાસ લઈ રહેલા શિક્ષીકાએ પ્રિન્સીપાલને કરતા પ્રિન્સીપાલ અને શિક્ષક સ્ટાફ દ્વારા તાબડતોડ પ્રિન્સીપાલની કારમાં મોડાસાની ખાનગી હોસ્પિટલ ખસેડાઈ હતી. આ ઘટના અંગે તેના પરિવારજનોને જાણ કરી હતી. પ્રિન્સીપાલ વિદ્યાર્થીનીને ખાનગી હોસ્પિટલ પહોંચતા ફરજ પરના તબીબે વિદ્યાર્થીને મૃત જાહેર કરતા પ્રિન્સીપાલ અને શિક્ષકગણના હોશકોશ ઉડી ગયા હતા. મૃતક વિદ્યાર્થીના વાલી અને પરિવારજનો પણ હોસ્પિટલ ઘસી આવ્યા હતા અને આકસ્મિક મોત નિપજતા પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક વિદ્યાર્થીનીનું મોત પ્રાથમિક તારણો મુજબ તબીબે લોહતત્વની ઉણપના લીધે મોત નિપજ્યું હોવાનું ઉપસ્થિત લોકો દ્વારા ચર્ચા થતી હતી. બી-કનઈ સ્કૂલમાં ચાલુ અભ્યાસે ધોરણ-૩ની વિદ્યાર્થીનીનું મોત નિપજતા શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓમાં શોકની લાગણી પ્રસરી હતી.

# ગુજરાતી બાલવાડી વિદ્યાલય દ્વારા વાર્ષિકોત્સવ




મહેસાણા શહેરમાં સાર્વજનિક ગુજરાતી બાલવાડી વિદ્યાલય દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ હતી. બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર લાવવાના ઉદ્દેશથી યોજાયેલ કાર્યક્રમમાં વિવિધ થીમ પર નાના ભુલકાઓ ડાન્સ રજુ કર્યા હતા. ગણેશ પ્રાર્થના સ્તુતિ,જીના..જીના સહિત દેશપ્રેમ અને રાષ્ટ્રપ્રેમના વિવિધ ગીતો પર ભુલકાઓ દ્વારા ડાન્સ રજુ કરાયા હતા.

# મેઘરજના ઢેકવા ગામે દિપડાનો રીટાયર્ડ ફોજી પર હૂમલો

મેઘરજ, તા. ૫

મેઘરજ તાલુકામાં ગત શુક્રવારની સાંજના સમયે દિપડો ત્રીજીવાર દેખા દઈ એક ઈસમ ઉપર



આકસ્મિક હૂમલો કરતાં આખા તાલુકામાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. ગત તા. ૨૨ના રોજ મોટીપંડુળી ગામે વહેલી સવારે દિપડાએ એક ઈસમ ઉપર હૂમલો કર્યો હતો. અને ત્યારબાદ ગત તા. ૨૬ના રોજ રાત્રીના સમયે દિપડાએ ત્રાટકીને એક બકરીને ફાડી ખાધી હતી અને ગત શુક્રવારની રાત્રીએ ત્રીજીવાર ઢેકવા ગામના રીટાયર્ડ ફોજી નવાગામ(ક)થી લગ્નમાંથી પોતાના ઘરે બાઈક ઉપર પરત ફરી રહ્યા હતા તે દરમિયાન દિપડો રસ્તાની વચ્ચે આવીને તેમના ઉપર હૂમલો કર્યો હતો. ઢેકવા ગામના રીટાયર્ડ ફોજી અરવિંદભાઈ સુરમાભાઈ ભગોરા રાત્રીના ૭ વાગ્યાના અરસામાં બાઈક ઉપર આવતા તે દરમિયાન ઝરણી ગામ નજીક વિરેશ્વરી માતાજીના મંદિર પાસે રોડ ઉપર આગળ આવીને હિંચકારો હૂમલો કરતાં ફોજી ગંભીર રીતે ઘાયલ થયા હતા. અને તેમના જમણા હાથની આખી આંગળી તેમજ ડાબા હાથની અડધી આંગળી દિપડાએ તોડી ખાધી હતી. તેમને ગંભીર ઈજાઓ પહોંચતા લોહી-લુહાણ હાલતમાં ૧૦૮ દ્વારા સારવાર અર્થે મેઘરજની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઝરણી ગામ નજીક દિપડાએ કરેલ હૂમલા બાબતે આર.એફ.ઓ. આર.ટી. ડામોરને ટેલીફોનીક વાત કરતાં તેમણે જણાવ્યુ હતું કે આ બાબત એક અફવા છે. અને લોકોએ ખોટી રીતે ઉપજાવી કાઢેલી વાત છે. તેમજ આ લોકો વિચિત્ર છે અને છતાં પણ મારા બીટગાર્ડ મોકલ્યા છે. અને પાંજરૂ પણ મુકેલ છે. આ અંગે આજે સાંજ સુધીમાં મારી પાસે રિપોર્ટ આવશે તેમ જણાવ્યું હતું.